# પ્રવાસ અહેવાલ 2025- 26

અમારી શાળા કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા, દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ **2025-26** દરમિયાન પણ શાળામાંથી લાંબા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં પ્રવાસનું આયોજન કરવું એ વિદ્યાર્થીઓ માટે **ઘણું** જરૂરી હોય છે, પ્રવાસથી વિદ્યાર્થીઓ મનોરંજનની સાથે સાથે ભૌગોલિક વિસ્તારથી પણ પરિચિત થતા હોય છે, આમ પ્રવાસના ઘણા બધા હેતુઓ રહેલા હોય છે કે જેથી કરીને વિદ્યાર્થીઓ તેઓના અભ્યાસકાળ દરમિયાન શિક્ષણની સાથે આવું અન્ય જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે એ જરૂરી છે.

અમારી શાળા કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા દ્વારા તારીખ **9- 12- 2025** થી **13- -12- 2025** સુધી રાજસ્થાન - જેસલમેર –ભારત- પાકિસ્તાનની બોર્ડર સુધીના લાંબા પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું હતું, શાળાના આચાર્યશ્રી એચ.વાય પટેલ સાહેબ દ્વારા સુચારુ માર્ગદર્શન આપીને પ્રવાસનું વ્યવસ્થિત પણે આયોજન કરાવવામાં આવ્યું હતું, તારીખ **9- 12- 2025** ને મંગળવારના રોજ સવારના **11:30** કલાકે ત્રણ બસ મારફતે **156** વિદ્યાર્થીઓ અને **12** શિક્ષક મિત્રો આ પ્રવાસમાં જવા માટે લુણાવાડા થી **11:30** કલાકે પ્રસ્થાન કર્યું હતું. લુણાવાડા થી નીકળ્યા બાદ ઊંઝા મુકામે ઉમિયા માતાના દર્શન કરી અને ત્યાં જ સાંજના સમયે સ્વરુચિ ભોજન પુરી અને શાકનો વિદ્યાર્થી મિત્રો તેમજ શિક્ષક મિત્રોએ આનંદ માણ્યો હતો, અને ત્યારબાદ એ જ કેમ્પસમાં વિદ્યાર્થી મિત્રોએ ગરબાની પણ રમઝટ બોલાવી હતી, પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ માટે મનોરંજનની બાબત ખૂબ મહત્વની હોય છે એટલે ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઊંઝા મુકામે રાત્રિ રોકાણ કર્યા બાદ વહેલી સવારે **જાગ્યા** પછી તૈયાર થઈને ચા નાસ્તો કરી જેસલમેર તરફ જવા રવાના થઈ ચૂક્યા હતા, જેસલમેર પહોંચ્યા બાદ વિદ્યાર્થીઓને રહેવા માટે રિસોર્ટમાં અલગ અલગ **ટેન્ટ**ની ફાળવણી કરવામાં આવી હતી, જ્યાં વિદ્યાર્થીઓ ફ્રેશ થયા બાદ એમને સ્વરુ**ચિ** ભોજન પીરસવામાં આવ્યું હતું, ભોજનમાં દાળ, ભાત, પુરી, શાક, સલાડ જેવી વાનગીઓ પીરસાઈ હતી, ત્યારબાદ જેસલમેરમાં પ્રખ્યાત પટવો કી હવેલી, સલીમ સિંહની હવેલી, ગદીસર લે**ક** જેવા મહત્વના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ આ ઐતિહાસિક

સ્થળોની મુલાકાત લઈને ખરેખર ખૂબ આનંદની લાગણી અનુભવી હતી અને ત્યારના આ નકશી કામ, બાંધકામ વિશે જાણીને તેઓને નવાઈ પણ લાગી હતી. ત્યારબાદ સાંજના સમયે જેસલમેરમાં સમ/ રણની મુલાકાતે 14 જેટલી જીપકાર લઈને વિદ્યાર્થીઓ શિક્ષક મિત્રો **સમ/**રણમાં આગળ વધ્યા હતા. જીપમાં સવારી કરવાની વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પણ ખૂબ મજા આવી હતી. રણમાં પહોંચ્યા બાદ કેમલ સફારી**ની** પણ વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી હતી. સાંજના સમયે સનસેટ પોઇન્ટ નિહાળ્યા બાદ ફરી ટેન્ટમાં પરત ફર્યા હતા. સાંજના સમયે રોટલી, પનીર ટીકા સબ્જી, ગુલાબજાંબુ ,દાળ ભાત મેનુ મુજબનું સ્વરુચી ભોજન લીધા બાદ રાજસ્થાની ફોક ડાન્સ માણવાની મજા આવી **હતી.**વિદ્યાર્થી મિત્રોએ પણ રાજસ્થાની ફોક ડાન્સનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ 10:00 વાગ્યાની આસપાસ બધા વિદ્યાર્થીઓ પોતપોતાને ફાળવેલા ટેન્ટમાં જઈને ઊંઘી ગયા હતા. તારીખ 11- 12-2025 ને ગુરૂવારના રોજ વહેલી સવારે પાંચ વાગ્યે જાગીને ફ્રેશ થઈને વહેલી સવારે બટાટા પૌવા, બિસ્કીટ, ચા- નાસ્તાનો આનંદ માણ્યા બાદ લોંગેવાલા જવા માટે નીકળ્યા હતા. લોંગેવાલા જઈને 20 મિનિટ ની યુદ્ધની સ્થિતિની મુવી નિહાળીને વિદ્યાર્થીઓને નવાઈની લાગણી અનુભવા**ઇ** હતી કે ભારત દેશના માત્ર 200 સૈનિકો એ પાકિસ્તાનના 3000 સૈનિકો ને ખદેડી મૂક્યા હતા, ભારત દેશના સૈનિકોની બહાદુરી વિશે જાણીને વિદ્યાર્થીઓ ખૂબ આનંદિત થયા, ત્યારબાદ ત્યાંથી આગળ ભારત -પાકિસ્તાનની બોર્ડર પર આવેલ તનોટ માતા મંદિરના દર્શને પહોંચ્યા હતા. ઇતિહાસમાં તનોટ માતાના મંદિરે જે કઈ ઘટના બની હતી તે વિગતે વિદ્યાર્થીઓને સમજાવવામાં પણ આવી હતી. તનોટ માતા મંદિરનું સંચાલન આજે પણ સૈનિકો દ્વારા થઈ રહ્યું છે **તે** એક ગર્વની બાબત છે. મંદિરના દર્શનની સાથે સાથે ભારત પાકિસ્તાનના બોર્ડર પર જવાની પરમિશન માટેના પેપર્સ પણ મેળવી લેવામાં આવ્યા હતા. અને ત્યાં રાજસ્થાની દાલબાટી, સલાડ, પાપડ, ભોજનનો આનંદ માણ્યા બાદ ભારત પાકિસ્તાનની બોર્ડર પર પહોંચ્યા. વિદ્યાર્થીઓ ભારત પાકિસ્તાનની બોર્ડર પર પહોંચ્યા બાદ **ત્યાં**ના દ્રશ્યો નિહાળ્યા બાદ તેમને ખરેખર નવાઈ લાગી હતી કે આજે આપણે રાત દિવસ સલામતી અનુભવીએ છે એ માત્રને માત્ર આ સૈનિકો ના લીધે કારણ કે સૈનિકો 24 કલાક બોર્ડર પર **ત્યાં** રહીને આપણને બધાને સલામતી પૂરી પાડે છે. બોર્ડર પરની સુરક્ષા વ્યવસ્થા કેવા પ્રકારની હોય છે એ વિદ્યાર્થીઓએ

પ્રત્યક્ષ નિહાળ્યું હતું. અનુભવ્યું હતું. વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી હતી. ત્યારબાદ સાંજના ત્રણ વાગ્યા પછી રણુજા **જ**વા માટે પ્રસ્થાન કર્યું હતું. રાત્રિના 8:30 કલાકે રણુજા મુકામે આવી પહોંચ્યા હતા. રણુજા ખાતે વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને અલગ અલગ રહેવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. રણુજા ખાતેની રહેવાની વ્યવસ્થા પણ ખૂબ સારી હતી. રાત્રિના 9:30 કલાકે વેજ- પુલાવ, કડી ભોજન પીરસવામાં આવ્યું હતું. સાંજના સમયનું ભોજન થોડું હળવું હતું એટલે વિદ્યાર્થીઓને પણ મજા આવી હતી. બધા વિદ્યાર્થીઓ 10:00 વાગ્યા બાદ પોતપોતાને ફાળવેલા રૂમમાં થાક લાગવાથી ઊંઘી ગયા હતા અને ફરી વહેલી સવારે 4:30 વાગ્યે બધાને જગાડી દેવામાં આવ્યા હતા. નાહી ધોઈ ફ્રેશ થઈ અને સવારના 6:00 વાગ્યે રણુજાના મંદિરે 156 વિદ્યાર્થીઓ અને ૧૨ શિક્ષકો બધા જ વ્યવસ્થા જાળવીને મંદિરે દર્શન કરવા માટે લાઈન બંધ ગોઠવાઈ ગયા **હતા.**વહેલી સવારે રણુજા ખાતે ભગવાનના દર્શન કરી વિદ્યાર્થીઓએ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ સ્ટે**હો**મમાં પરત ફરી સેવ -ઉસળ નાસ્તામાં પીરસવામાં આવ્યા હતા. ત્યારબાદ અણુ પોખરણ કિલ્લાની મુલાકાતે **જવા** રવાના થયા હતા. અણું **પોખરણ** ખાતે કિલ્લાની મુલાકાત વિદ્યાર્થીઓ માટે ખૂબ ગૌરવની બાબત હતી કારણ કે એ વખતના કિલ્લાઓનું બાંધકામ કંઈક અલગ જ હોય છે. આજના સમયમાં આ પ્રકારનું બાંધકામ જવલ્લેજ જોવા મળતું હોય છે. ત્યારબાદ જોધપુર મહેરાણગઢ કિલ્લાની મુલાકાતે આવવા માટે નીકળ્યા હતા. રસ્તામાં સ્વરુચિ ભોજન દાળ ,ભાત, પુરી, શાક, મોહનથાળ નો આનંદ માણ્યો હતો અને અંતે સાંજના સમયે 6:30 કલાકે ઓમ બન્ના બુલેટ બાબા મંદિર તરફ આવવા માટે પ્રયાણ કર્યું હતું. લગભગ 8:30 કલાકે ઓમ બન્ના બુલેટ બાબા મંદિર આવી પહોંચ્યા હતા. જ્યાં બુલેટ બાબા મંદિરે દર્શન કરી વિદ્યાર્થીઓએ એમને મનગમતી ચીજ વસ્તુઓની ખરીદી પણ કરી હતી અને ત્યાં ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું કે જેથી કરીને વિદ્યાર્થીઓએ લુણાવાડા પરત ફરતા ફરતા **ફ**રિ પણ ગરબાની રમઝટ બોલાવી હતી. બધા વિદ્યાર્થીઓને નાચવાની ખૂબ મજા આવી હતી તેમાં સ્ટાફ મિત્રો પણ જોડાયા હતા. સાંજના સમયે પાઉભાજી, પુલાવ, વગેરે ભોજનમાં પીરસવામાં આવ્યા હતા. તેમાં પણ વિદ્યાર્થીઓને ખૂબ મજા

આવી હતી. આમ દરરોજ સવાર સાંજ વિદ્યાર્થીઓને મેનુ મુજબનું ભોજન પીરસવામાં આવ્યું હતું .

ત્યારબાદ લુણાવાડા તરફ આવવા માટે પ્રસ્થાન કર્યું હતું તારીખ **13 -12- 2025** ને શનિવારના રોજ **11:30** કલાકે કોઈપણ જાતની મુશ્કેલી વગર લુણાવાડા ખાતે પરત ફર્યા **હતા.**આમ પ્રવાસ દરમિયાન ખરેખર વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી હતી કોઈ પણ પ્રકારની મુશ્કેલી જેવી બાબતો અનુભવાઇ નથી .

સદર લાંબા પ્રવાસનું આયોજન શાળાના આચાર્યશ્રી એચ.વાય.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રવાસના કન્વીનર શ્રી વી સી વસોનીયા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમિયાન કોઈપણ વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેનું સુચારું આયોજન હતું એટલે કોઈને કોઈ પણ પ્રકારની મુશ્કેલી પડી નથી અને પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી હતી. આમ, અમારી શાળા કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા દ્વારા દર વર્ષે શૈક્ષણિકની સાથે સાથે આ પ્રવાસ જેવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ નું પણ આયોજન કરવામાં આવે છે.




ISMAIL BHAI
8302670818








